સુવિચાર

જીવનમાં દુ:ખ કાયમ એ જ દરવાજેથી અંદર પ્રવેશે છે, જેને આપણે જ ભૂલથી ખુલ્લો મૂકી આવ્યા હોઈએ છીએ !

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૮/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
રાજગરા ફરાળી ખાખરા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૨૦૦


## મોટી કુંકાવાવ ખાતે ‘‘ગુજરાત જોડો’’ કાર્યક્રમમાં જનમેદની ઉમટી

# ભાજપ, કોંગ્રેસનાં અનેક આગેવાનો ‘‘આપ’’માં જોડાયા

**આમ આદમી પાર્ટીનાં પ્રદેશ આગેવાનોની ઉપસ્થિતિમાં અનેક આગેવાનોએ ‘‘આપ’’માં કર્યો પ્રવેશ**

**આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સમગ્ર જિલ્લામાં વિસાવદર વાળી કરવાની હાંકલ કરાઈ**

**ભાજપ સરકારની કાર્યશૈલી અને તાનાશાહી સામે આગેવાનોએ શાબ્દિક પ્રહારો કર્યા**

**પ્રદેશ અગ્રણી રાજુભાઈ સોલંકી, મનોજ સોરઠીયા તેમજ કાંતિલાલ સતાસિયા, નિકુંજ સાવલીયા ઉપસ્થિત રહ્યા**



તસ્વીર : રાજુ યાદવ-કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨

કુંકાવાવમાં આપ પાર્ટી દ્વારા ગુજરાત જોડો અભિયાનનાં ભાગરૂપે કુંકાવાવનાં ભુરખીયા હનુમાનની જગ્યામાં જિલ્લાનાં આગેવાનો તેમજ પ્રદેશ કક્ષાના આગેવાનોની હાજરીમાં આપમાં જોડાવવાનાં અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુંકાવાવ શહેર તેમજ આસપાસના ગામડાના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લાનાં પ્રમુખ નિકુંજભાઈ સાવલીયા દ્વારા ભાજપ સરકારની કામ કરવાની રીત તેમજ તમામ વર્ગનાં લોકો સાથે અન્યાય કઈ રીતે થઈ રહ્યો છે અને આમાંથી છુટકારો મેળવવાનો એકમાત્ર ઉકેલ એ લડત છે અને આ લડતમાં આપ સૌનો સાથ સહકાર મળે તો સફળતા જરૂર મળશે અને તાનાશાહી સરકારની આંખ ઉઘડશે તેમ અનેક પ્રકારે ભાજપ ઉપર આકરા પ્રહાર કરીને લોકોને જાગૃત થવા હાંકલ કરી હતી.


અનુસંધાન પાના ૬ ઉપર



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


## અમરેલી જિલ્લામાં ‘‘આમ આદમી પાર્ટી’’માં જોડાવવા કાર્યકરો અધીરા

# બગસરા તાલુકા ભાજપનાં પુર્વ પ્રમુખ સહિતના ૧૭૬ કાર્યકર્તાઓ અને કોંગ્રેસનાં ૪ સહિત કુલ ૧૮૦નો ‘‘આપ’’માં પ્રવેશ

**વિસાવદર વિધાનસભા ચૂંટણીમાં વિજય મળતાં ‘‘આપ’’ નો દબદબો વધી રહ્યો છે**


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ખાતે આમ આદમી પાર્ટીની સભામાં પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ આપમાં જોડાઈ ગયા હતા.

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે આમ આદમી પાર્ટી દ્વારા સભાના આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપથી નારાજ થયેલા કાર્યકર્તાઓને મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીમાં જોડવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસિયાના જણાવ્યા અનુસાર આ સભામાં પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ સતાસિયા સહિત ૧૭૬ ભાજપના કાર્યકર્તા તથા ચાર કોંગ્રેસના કાર્યકર્તા મળીને કુલ ૧૮૦ આગેવાનોએ આમ આદમી પાર્ટીમાં પ્રવેશ મેળવ્યો હતો. આ સભામાં પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ સતાસિયાએ ભારતીય જનતા પાર્ટીને યુવાનોને ડ્રગ્સ તરફ લઈ જતી પાર્ટી ગણાવી વહેલી તકે તેને વિદાય આપી વિસ્તારને નશામુક્ત કરવા માટે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જ વિસાવદર ખાતે લોકોએ આમ આદમી પાર્ટીને વિજય અપાવ્યા બાદ બગસરા તાલુકામાં પણ તેની અસર શરૂ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે.


શુભારંભ
ADVOCATE
NOTARY PUBLIC GOVT OF INDIA
કાનૂન સ્વતંત્રતાનો પાયાનો પથ્થર છે. તે દરેક વ્યકિતના અધિકારોને વ્યાખ્યાયિત કરે છે.અને તમામ વ્યકિતઓની વ્યકિતગત સ્વતંત્રતાનું રક્ષણ કરે છે...
અમારા આ નવી ઓફિસના શુભારંભ પ્રસંગે અમરેલી જિલ્લાનાં તમામ વકિલમિત્રો, સગા-સંબંધીઓ, સ્નેહીજનો, મિત્રવર્તુળ સાથે સહ પરિવાર અમારી આ નવી ઓફિસનાં શુભારંભ પ્રસંગમાં હાજર રહી અમોને પ્રોત્સાહિત કરશોજી એજ અભિલાષા સાથે...
સમય : સવારે ૯:૦૦ થી સાંજનાં ૭:૦૦ કલાક સુધી
તારીખ : ૦૪/૦૮/૨૦૨૫, સોમવાર
ઓફિસ સ્થળ : F/59, સરદાર શોપિંગ સેન્ટર, પહેલા માળ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી. મો. ૯૭૨૭૫ ૨૯૯૧૧
શ્રી રમેશકુમાર એસ.ખીમસુરિયા
એડવોકેટ & નોટરી
ભૂતપૂર્વ ચિફ એલ.એ.ડી.સી.-અમરેલી,
સદસ્યશ્રી : POSH સ્થાનિક સમિતિ-અમરેલી



Aikyam
એક્યમ ન્યૂરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુ:ખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...


## ફરિયાદી વેપારી પક્ષે એડવોકેટ જે.પી. ત્રિવેદીની દલીલો સફળ

# અમરેલીનાં સહજાનંદ ટ્રેડર્સને આપેલ ચેક રીટર્ન કેસમાં ઈન્દોરનાં આરોપીને ૧ વર્ષની સજા

**આરોપીને ચેકની રકમ, ૧૦ હજારનો દંડ ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૨

અમરેલીમાં સહજાનંદ ટ્રેડર્સનાં નામે ઘીનો વેપાર કરતાં રાજેશભાઈ માધવાણીને ઈન્દરોનાં વેપારીએ ઘીની ખરીદી પેટે આપેલ ચેક રકમ રૂપિયા ૩,૦૪,૮૫૦નો બેન્કમાંથી રીટર્ન થતાં ઈન્દોરનાં વેપારી મુદીતભાઈ અગ્રવાલ સામે અમરેલી ખાતે આવેલ એડી. ચીફ કોર્ટમાં કેસ કરવામાં આવેલ.



એડી. ચીફ કોર્ટે બન્ને પક્ષોની દલીલો સાંભળીને અંતે ઈન્દોરનાં વેપારીને રાજેશભાઈ માધવાણીને ચેકની રકમ ચુકવવા, રૂપિયા ૧૦ હજારનો દંડ અને વેપારીને ૧ વર્ષની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

આ કેસમાં અમરેલીનાં ફરિયાદી તરફે એડવોકેટ જે.પી. ત્રિવેદી, અર્જુન કાકડીયા રોકાયેલ હતા.

## ધારાસભ્ય મહેશ કસવાલાએ લાગતા-વળગતા વિભાગનાં અધિકારી સાથે બેઠક કરી

# અરે વાહ : સાવરકુંડલામાં "ગીરધર વાવ"ને પ્રવાસન સ્થળ બનાવાશે

**"ગીરધર ઘર"નાં પટાંગણમાં આવેલ ૩૦૦ વર્ષ જુની "વાવ"નું બાંધકામ ગીરધરભાઈ પારેખ દ્વારા કરવામાં આવેલ**

**"વાવ"ની બાજુમાં ૩ વર્ષ પહેલા શ્રી રામ વાત્સલ્ય ટ્રસ્ટ દ્વારા વાત્સલ્યધામનું નિર્માણ પણ કરાયુ**

**હાલમાં ૪૦થી વધુ વડીલોની વાત્સલ્ય ધામમાં સારસંભાળ લેવામાં આવે છે**

**શહેરનાં ગૌરવશાળી વારસાના પ્રતિક સમાન "ગીરધર વાવ"ને નવા રંગરૂપ સાથે પૂનઃ જીવીત કરાશે**








સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલાના મહુવા રોડ પર આવેલા શ્રી રામ વાત્સલ્ય ટ્રસ્ટ સંચાલિત 'ગિરધરઘર' કે જેને વડીલોનું વાત્સલ્ય ધામ તરીકે ઓળખવામાં આવે છે. આ વાત્સલ્ય ધામનું વર્ષ ૨૦૨૨ થી શુભારંભ થયેલ. જેનું પરિસર એક રિસોર્ટને ટક્કર મારે તેવું બનાવેલ છે. હાલમાં અહીં ૪૦થી વધુ વડીલોની ખૂબ ભાવપૂર્વક સંભાળ રાખવામાં આવે છે. આ વાત્સલ્ય ધામમાં એક પૌરાણિક તથા ઐતિહાસિક અંદાજિત ૩૦૦ વર્ષ જૂની વાવ આવેલ છે. જેનું બાંધકામ તે સમયે શ્રી ગિરધરભાઈ પારેખ દ્વારા કરવામાં આવેલ અને તેના જ નામ પરથી 'ગિરધરવાવ' નામ આપવામાં આવેલ. સાથે સોમનાથ મહાદેવનું એક ૧૦૯ વર્ષ જુનું ખુબ સુંદર મંદિર પણ આવેલ છે.

સાવરકુંડલા શહેરનાં ગૌરવશાળી વારસાના પ્રતિક સમાન પ્રાચીન સ્મારક "ગીરધર વાવ"ને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે નક્કર પગલાં લેવામાં આવ્યા છે. તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ધ્વારા આ વાવની મુલાકાત લેવામાં આવી હતી અને તેના જતન તથા વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ગીરધર વાવ સાવરકુંડલાની ઓળખ સાથે જોડાયેલી એક અનોખી વિરાસત છે. તે માત્ર એક જળસ્ત્રોત નથી પરંતુ તે ભૂતકાળના સ્થાપત્ય અને જળ વ્યવસ્થાપન કૌશલ્યનો જીવંત પુરાવો છે. સમય જતાં આ વાવની અવગણના થઈ હતી, જેના કારણે તેની ભવ્યતા ઝાંખી પડી ગઈ હતી. હવે, આ વિરાસતને ફરીથી જીવંત કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓએ ગીરધર વાવના વિકાસ માટે પોતાનું સંપૂર્ણ સમર્થન આપ્યું અને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડયું. આ પહેલથી સાવરકુંડલાને પ્રવાસન ક્ષેત્રે નવી ઓળખ મળશે અને યુવા પેઢીને આપણા સમૃધ્ધ વારસાથી પરિચિત થવાની તક મળશે. આયોજન મુજબ આગામી સમયમાં આ પ્રોજેકટનું કામ ઝડપી ગતિએ શરૂ થશે, જેથી ટૂંક સમયમાં ગીરધર વાવ તેની ખોવાયેલી ભવ્યતા પાછી મેળવી શકશે. આ પહેલથી સ્થાનિક પ્રવાસનને વેગ મળશે અને સાવરકુંડલાની ઐતિહાસિક વિરાસતનું જતન થશે તેવી આશા વ્યકત કરવામાં આવી છે. આ પ્રોજેકટ સાવરકુંડલાના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
MAHAJAN REAL ESTATE
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
મિલ્કતની ઈન્ડેકસ | નવી મિલ્કતનું ડેવલોપમેન્ટ
મિલ્કત PR કાર્ડ ડાઉનલોડ | મિલ્કતના સ્કેચ - ઓટોકેડ
મિલ્કતનો ઈ-સર્વે (ડ્રોન) | મિલ્કતનો ભાડા કરાર
મિલ્કતનો ઈ-સર્વે (DGPS) | મિલ્કત ઉપર લોન - મોર્ગેજ
મિલ્કતનું રિનોવેશન | મિલ્કતનું ઈ-માર્કેટીંગ
રિ-ડેવલોપમેન્ટ | મિલ્કતનું જીઓ-ટેગીંગ
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)












પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક, શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ■ બટેટા વેફર ■ કેળા વેફર
હાજરમાં મળશે
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
શિવ ફરસાણ (ધારીવાળા)
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
➤ કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
➤ કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુહનું ઓપરેશન
➤ એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
➤ સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➤ એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
➤ $CO_2$ લેસર સર્જરી
➤ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭




# વડિયા ખાતે સરકારી કોલેજનો પ્રારંભ થતાં વિદ્યાર્થીઓ, વાલીઓ સ્થાનિક આગેવાનો સહિત સૌ કોઈમાં ખુશીનો માહોલ છવાયો






તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા ભાજપ આગેવાનો દ્વારા વિધાથીર્ઓના મો મીઠાં કરાવિ કોલેજ ના પ્રથમ દિવસે શુભકામનાઓ પાઠવી હતી આ તકે જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક વડિયા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા તુષારભાઈ ગણાત્રા અનિરૂદ્ધભાઈ બોરીચા તુષારભાઈ વેગડ સહિતના ઉપસ્થિત રહ્યા હતા વડિયા શહેર તેમજ આસપાસના ગામોમાં થી જેતપુર ગોંડલ રાજકોટ અમરેલી સહિતના શહેરોમાં વિધાથીર્ઓ ને કોલેજ કરવા માટે જવું પડતું હતું તે હવે આજ થી ઘર આંગણે જ કોલેજ શરૂ કરવામાં આવી છે ત્યારે આજે પ્રથમ દિવસે ૧૦૪ વિદ્યાર્થીઓને એડમિશન દેવામાં આવ્યા હતા જેમાં ૮૦ વિધાથીર્ઓ આજ થી રાબેતા મુજબ અભ્યાસ શરૂ કર્યો હતો વડિયા ખાતે આર્ટસ કોલેજ કોમર્સ સહિતના કોર્સના અભ્યાસ શરૂ કરી દેવામાં આવ્યા છે વડિયા શહેર અને તાલુકાના લોકોએ ગુજરાતવિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા ને ધારદાર રજૂઆતો કરી હતી કે વડિયા ખાતે કોલેજ શરૂ કરવામાં આવે તેવી માગણી સાથે વાલીઓ એ જણાવ્યું હતું કે અમારા બાળકોને ગોંડલ રાજકોટ જેતપુર અમરેલી સહિતના શહેરમાં કોલેજ કરવા માટે જવું પડે છે અને એસટી બસ અનીયમીત હોય જેથી બાળકો અને યુવતીઓ ને ખુબ જ મુશ્કેલી વેઠવી પડે છે ત્યારે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા એ તાત્કાલિક રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને આ બાબતે વાતચીત કરતા મુખ્યમંત્રી એ તાત્કાલિક ધોરણે વડિયા શહેરમાં કોલેજ મંજૂર કરી આપી હતી અને આજે વડિયા ખાતે કોલેજ શરૂ થતા જ વિધાથીર્ઓ અને વાલીઓ એ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને રાજય સરકારનો આ નિર્ણયથી આભાર વ્યક્ત કર્યો હતો.

### પવિત્ર શ્રાવણ માસમાં હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠયો

## લાઠીનાં કેરીયા ગામે આવેલ ૪૦૦ વર્ષ પુરાણા રામનાથ મંદિરે શિવભકતોની ભીડ

### અનેક પ્રયત્નો છતાં શિખરબંધ મંદિર બાંધી શકાતુ નથી

બાબરા, તા. ૨

લાઠી પાસેના કેરીયા ગામમાં આવેલું ૪૦૦ વર્ષ પુરાણું રામનાથ મંદિર ભકતો માટે આસ્થાનું કેન્દ્ર છે. સ્વયંભુ પ્રગટેલ શિવલીંગ પર અનેક પ્રયત્નો છતાં શિખરબંધ મંદિર બાંધી શકાયું નથી.

અહી પવિત્ર શ્રાવણ માસમાં મોટી સંખ્યામાં ભાવિકોની ભીડ જામે છે અને હરહર મહાદેવનો નાદ ગુંજી છે. રામનાથ મહાદવેની પુજા હાલ સાતમી પેઢીએ પ્રવિનગીરી ઈશ્વરગીરીબાપુ કરી રહ્યા છે. પેઢી દર પેઢીથી આ પરિવાર મહાદેવની પુજા કરતા આવ્યા છે. હાલ સાતમી પેઢીએ પ્રવિનગીરીબાપુ રામનાથ મહાદેવની પુજા કરી રહ્યા છે.

આ અંગે જાણવા મળતી વિગતો અનુસાર ૪૦૦ વર્ષ પુરાણા આ સ્વયંભુ શિવલીગ પર ગાય દોહવાઈ જતી. વર્ષો પહેલા સુથારની બે ગાય આ જગ્યા પર ચરવા આવતી તેમાંની એક ગાયનાં આચળમાંથી દુધની ધારા જમીનના ઢોર પર પડતી જોઈ ગોવાળેલાઠીના ઠાકોર રાજવી પ્રહલાદસિંહને જણાવ્યું. આ સ્થળે ખોદકામ કરતાં સ્વયંભુ લિંગ જોવા મળી. રાજવીએ અહી ઓટો બનાવી શિવલીંગની પુજા અર્ચના કરાવી. રામનાથ મહાદેવ તરીકે મંદિર જાણીતું થયું.

મંદિરની બાજુમાં ૪૦૦ વર્ષ પુરાણી કલાકૃતિ વાળી વાવ પણ આવેલી છે. જેની લોકવાયકા પ્રમાણે અરજણભાઈ મિસ્ત્રીએ પોતાની માનતા પુરી થતાં બંધાવી હોવાનું જાણવા મળે છે. આ વાવમાંથી પહેલાના સમયમાં વટેમાર્ગુ પાણી પીતા હતા. મંદિરની આજુબાજુ અનેક દેવી–દેવતાઓના મંદિરો, યજ્ઞશાળા, પાણીનું પરબ અને લોકો માટે પ્રસાદની વ્યવસ્થા માટે ભોજનાલય પણ છે. અતિ સુંદર વૃક્ષો ભકતજનોને શુધ્ધ, રમણીય વાતાવરણ પુરૂ પાડે છે. કહેવાય છે કે આજે પણ આ મંદિર પર શિખર બાંધી શકાયું નથી.




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સ્વયંભુ શિવલીગ પર ગાય દોહવાઈ જતી હોવાની લોકવાયકા, લાઠીના રાજવિએ ઓટો બનાવી પુજા અર્ચના કરાવી. અહી પવિત્ર શ્રાવણ માસમાં ભાવિકોની ભારે ભીડ જામે છે. અહી દરોજ બપોરે મહાપુજા અને મહાઆરતી તેમજ અભિષેક કરવામાં આવે છે. તેમજ દાતાઓ ધ્વારા અહી દીપમાળા અને બ્રહ્મભોજનનું પણ દરોજ આયોજન કરવામાં આવે લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના તેમજ બાબરા વિસ્તાર ભાવિકો અહી દર્શન કરવા આવે છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં ચિતલ રોડ બનાવવામાં

પાલિકાની પાણીની મુખ્ય લાઈન તેમજ ગટર લાઈન મોટાપાયે ડેમેજ કરવામાં આવેલ. જે પૈકી પાણીની લાઈન બદલાવાની કામગીરી પાલિકા તરફથી પૂર્ણ કરેલ છે તેમજ મુખ્ય પાઈપલાઈનો અને નળ કનેકશન તુટવાથી ગણેશ સોસાયટી અને પોસ્ટલ સોસાયટી આજુબાજુના વિસ્તારોમાં ૧૦ થી ૧૫ દિવસ સુધી પાણી ન આવવાથી મુશ્કેલી પડે છે. મુખ્ય લાઈનો જયાં પસાર થતી હોય ત્યાં મેન્યુઅલી કામ કરવું જેસીબીથી કામ ન કરવું તેમજ ગટર લાઈનની કામગીરી બાકી રહેલ છે તેમજ આ કોન્ટ્રાકટર તરફથી નવી નાખવામાં આવેલ લાઈન પણ ડેમેજ કરી સ્થાનિક રહીશોના જણાવ્યા છતાં રીપેર કર્યા વગર રીફીટીંગ કરવામાં આવેલ તેમજ ગટર કનેકશનોના જોડાણ માટે આ વિસ્તારનાં રહીશોના અનેક વખત જણાવ્યા છતાં આ વિભાગ તરફથી રીપેરીંગ કરવા બાબતે ગંભીરતા લેવામાં આવતી નથી અને લોકોને ઘરના ડ્રેનેજના પાણી નિકાલ બાબતે મોટી સમસ્યાનો સામનો કરવો પડે છે. તેમજ આ કામ મુખ્ય રસ્તાના હોય આ કામમાં માર્ગ અને મકાન વિભાગ (રાજય)ના જવાબદાર કર્મચારી અને એજન્સીના જવાબદાર સુપરવાઈઝરની હાજરીમાં જ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## બગસરા ખાતે શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૮/૮/૨૫ને શુક્રવારના રોજ સ્વ. રમણિકભાઈ આણંદજી ત્રિવેદી, સ્વ. મુકતાબહેન રમણીકભાઈ ત્રિવેદી, સ્વ. જગદીશભાઈ રમણીકભાઈ ત્રિવેદી, સ્વ. ધર્મિષ્ઠાબેન જગદીશભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે જયેશભાઈ તથા કિરીટભાઈ ત્રિવેદી પરિવારના સેજન્યથી ૬૨૪ મો વિનામુલ્યેનેત્રનિદાનકેમ્પરણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાત વાળાદર્દીઓનેવિનામુલ્યેઆપરેશનકરી નેત્રમણીબેસાડીદેવામાઆવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામાઆવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પનાદિવસ ૮/૮/૨૫ને શુક્રવારનારોજ સવારે ૯ કલાકે આંખની હાસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું ચલાલાની સગીરાનુ અપહરણ કરી

વિપુલ લખુભાઈ વાડદોરીયા વિરૂધ્ધ નોંધાવી હતી જે અંગેનો કેસ ધારી ખાતે સ્પેશ્યલ પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં સ્પેશ્યલ પોકસો જજ એડી. સેશન્સ જજ શ્રીએમ.એન. શેખે આરોપીને ૨૦ વર્ષની સજા અને ભોગ બનનારને પાંચ લાખનું વળતર ચુકવવા આદેશ કરેલ છે.

આ કેસમાં સરકારી વકીલ તરીકે એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ રહી હતી.

### પાના ૧ ઉપરનું ચાલું ભાજપ, કોંગ્રેસનાં અનેક આગેવાનો

આ પ્રસંગે પ્રદેશ આગેવાનો મનોજભાઈ સોરઠીયા તથા રાજુભાઈ સોલંકીએ ભાજપ સરકારની કામ કરવાની રીત ઉપર પ્રહાર કરીને અનેક તાનાશાહીના દાખલ આપ્યા હતા. આ પ્રસંગે તાલુકા ભાજપનાં અનેક આગેવાનો, કાર્યકરો ભાજપ અને કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. તમામને હોદેદારોએ આવકારી ખેસ પહેરાવ્યા હતા અને લડત લડવાની હાંકલ કરીને સૈનિક તરીકેની ફરજ અદા કરવાની વાતો કરી હતી. આમ મુખ્ય આગેવાનો જોડાયા હતા તેમાં ભાજપનાં જિલ્લા પંચાયતનાં પૂર્વ સદસ્ય વિજયભાઈ ડોબરીયા, તાલુકા પંચાયતનાં વિપક્ષના નેતા મનસુખભાઈ ગોંડલીયા, પૂર્વ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન નાગજીભાઈ વેકરીયા, ભીખુભાઈ વોરા, પૂર્વ સરપંચ સુભાષભાઈ ભગત, પૂર્વ સરપંચ અરવિંદભાઈ આસોદરીયા સહિત અનેક રાજકીય આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકાની ટીમનાં સુખાભાઈ વાળા, વિજયભાઈ ડોબરીયાએ જહેમત ઉઠાવી હતી અને અનેક ગામડાનો પ્રવાસ કરીને આમ આદમી પાર્ટીને મજબુત કરવાની કામગીરી કરી હતી. ત્યારે આગામી તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણીમાં યોગ્ય ઉમેદવારોની પસંદગી કરીને ભાજપ સામે ચૂંટણી જંગની તૈયારીઓ શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

### મામલતદાર અને સી.ડી.પી.ઓ.ને આવેદનપત્ર પાઠવ્યુ

## લીલીયા મોટા : આંગણવાડી વર્કર બહેનોએ ઈ–કેવાયસી અને એફઆરએસની કામગીરીથી મુકિત માંગી

### ઓનલાઈન કામગીરી માટે સક્ષમ મોબાઈલ આપવા માંગ



લીલીયા મોટા, તા. ૨

લીલીયા મોટા આંગણવાડી વર્કર બહેનો દ્વારા સી.ડી.પી.ઓ તેમજ મામલતદારને વિવિધ માંગણીને લઈને પાઠવ્યું આવેદનપત્રજેમાં ઈ.કે.વાય.સી તેમજ સમગ્ર આંગણવાડી પ્રવૃત્તિ પર અવળી અસર કરતી એફ.આર.એસ સિસ્ટમ દૂર કરવી તેમજ ઓનલાઈન કામગીરી કરવા માટે સક્ષમ મોબાઈલ તત્કાલ આપવા, હજારો કુપોષિત બાળકો પર અવળી અસર થાય તેવી બી.એલ.ઓની કામગીરી માંથી મુક્તિ આપવી તેમજ ૨૦૧૮ થી લઈને આજ દિવસ સુધી વેતન વધારો કોઈ પણ પ્રકારનો કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ ન હોય જેને લઈ લીલીયા આંગણવાડી વર્કર બહેનો દ્વારા નયનાબેન ગરાણીયાની આગેવાનીમાં આવેદન પત્ર પાઠવવામાં આવ્યુ તેમ ઈમરાન પઠાણ અખબારી યાદીમાં જણાવેલ છે.

### સેવા સંઘ દ્વારા આયોજન

## અમરેલીમાં આવતીકાલે સોમવારે વડીલ વંદના કાર્યક્રમ યોજાશે

### શહેરનાં વડીલોનું કરાશે સન્માન

અમરેલી, તા. ૨

અમરેલીમાં સોમવારે સાંજે ૪ થી ૮ સુધી શ્યામવાડી, લીલીયા રોડ, ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા સંચાલિત સેવા સંઘ દ્વારા વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં શહેરના વડીલોને ઉપસ્થિત રહેવા સેવા સંઘના પ્રમુખ સુરેશભાઈ સોલંકીએ અનુરોધ કરેલ છે.

## અમરેલી : બ્રહ્મસમાજનાં અગ્રણી કનુભાઈ જોષીનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૨

સિનિયર સિટિઝન સોસાયટી અમરેલીનાં પૂર્વ મહામંત્રી, બ્રહ્મસમાજના અગ્રણી તેમજ અન્ય સંસ્થાઓ સાથે જોડાયેલ કનુભાઈ જોષી ૮૩ વર્ષ પૂર્ણ કરી ૮૪માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.

તેમના જન્મદિવસે સિનિયર સીટીઝન ગૃપ તેમજ બ્રહ્મસમાજ, સગા–સ્નેહીઓ મિત્રો, વિ. નામી અનામી લોકોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. તેઓનો મો. નં. ૯૪૨૮૭ ૯૫૨૭૪ છે.


## જાહેર નોટિસ

આથી હું **હીતેષકુમાર એમ.મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચે ની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર / લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક / વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન – ૧૦ (દસ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી. થી જાણ કરવી. દિવસ – ૧૦ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– ઉટવડ ગામના, ખેડ ખાતા નં – ૨૯૪, રે. સ. ન. ૭૦૩, જુનો સ.ન.૧૩૮ પૈકી૧૧ ની કુલ જમીન હે.૨ – ૦૨ – ૭૬, ચો.મી.વાળી ખેતીની જમીનમાંથી હે. ૨ – ૦૨ – ૭૬ ચો.મી.વાળી જમીન અમારા અસીલશ્રીએ સવિતાબેન જીવરાજભાઈ અસલાલીયા વા/ઓ.બટુકભાઈ બચુભાઈ રૂડકીયા પાસેથી વેચાણ દસ્તાવેજ કરી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરવા માગે છે.**

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

તારીખ :– ૦૨/૦૮/૨૦૨૫
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે, ઠે.મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા. જિ.અમરેલી.મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૧ | ૧૦૦૫ |
| ૨ | શિંગ મોટી | ૮૨૨ | ૧૧૦૬ |
| ૩ | શિંગદાણા | ૧૧૫૦ | ૧૪૨૮ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૫૦ | ૧૨૮૪ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૫૬ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૪૦૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૨૮૫ |
| ૮ | બાજરો | ૫૦૨ | ૫૦૨ |
| ૯ | જુવાર | ૫૭૦ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૩૯ | ૫૪૬ |
| ૧૨ | મકાઈ | ૫૩૩ | ૫૩૩ |
| ૧૩ | મગ | ૧૧૫૨ | ૧૬૧૬ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૨૩૦ |
| ૧૫ | ચણા દેશી | ૮૦૫ | ૧૩૩૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૬૫ | ૧૧૭૩ |
| ૧૭ | છોલે ચણા | ૧૫૯૫ | ૧૫૯૫ |
| ૧૮ | તુવેર | ૭૦૦ | ૧૨૭૦ |
| ૧૯ | કપાસ | ૮૫૦ | ૧૭૦૮ |
| ૨૦ | એરંડા | ૧૦૦૦ | ૧૨૭૩ |
| ૨૧ | જીરૂ | ૧૪૭૫ | ૩૪૮૦ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૩૩૬ |
| ૨૩ | સોયાબીન | ૪૫૬ | ૮૫૪ |
| ૨૪ | રજકાનું બી | ૫૧૦૦ | ૫૪૫૪ |
| ૨૫ | કાંગ | ૨૫૦ | ૫૫૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૦ | ૧૫૫૦ |
| ૨ | મગફળી | ૭૩૫ | ૯૦૫ |
| ૩ | ચણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ૪ | તુવેર | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૫ | તલ | ૧૧૧૦ | ૧૪૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૪૨૫ | ૧૪૩૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૨૯૧ | ૧૨૯૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૧ |
| ૨ | તલ સફેદ | ૧૭૫૧ | ૨૦૦૦ |
| ૩ | તલ કાળા | ૩૬૦૦ | ૩૯૫૧ |
| ૪ | જીરૂ | ૩૨૦૦ | ૩૫૦૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૨૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૫૩૬ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૭૬૦ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૬૬૧ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| ૧૧ | તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૨૧ | ૧૬૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૯૦ | ૧૫૦૦ |
| ૩ | મગફળી | ૧૦૨૫ | ૧૦૮૫ |
| ૪ | જીરૂ | ૨૬૮૫ | ૩૫૭૫ |
| ૫ | તલ સફેદ | ૧૪૯૦ | ૧૭૭૦ |
| ૬ | અડદ | ૧૧૨૦ | ૧૪૦૦ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| ૮ | ચણા | ૯૮૦ | ૧૧૯૦ |
| ૯ | મગ | ૧૨૨૦ | ૧૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૫ |
| ૩ | ચણા | ૭૦૦ | ૧૧૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૨૦ |
| ૫ | સોયાબીન | ૮૩૦ | ૮૩૬ |
| ૬ | અડદ | ૮૦૦ | ૮૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૨૫૦ | ૧૫૩૦ |
| ૮ | શીંગફાડા | ૧૨૬૦ | ૧૨૭૦ |
| ૯ | લસણ | ૫૦૧ | ૫૦૧ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૧૧ | મગ | ૧૧૫૫ | ૧૨૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૭૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૦ | ૧૮૪૬ |
| ૩ | તલ પીળા | ૧૯૪૧ | ૧૯૪૧ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૫૫૧ |
| ૫ | બાજરો | ૩૪૧ | ૪૪૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ૭ | જુવાર | ૭૦૨ | ૭૦૨ |
| ૮ | મગ | ૯૫૧ | ૯૫૧ |
| ૯ | તુવેર | ૧૦૭૬ | ૧૨૦૦ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૦૦૧ |
| ૧૧ | અજમા | ૮૫૦ | ૮૫૦ |
| ૧૨ | રાય | ૧૧૭૧ | ૧૧૭૧ |

### ધારાસભ્ય જનક તળાવીયાના માર્ગદર્શન હેઠળ

# લાઠીના તાજપર ગામે રૂ. ૭૦ લાખના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ)નું ખાતમુહૂર્ત

### ગામજનોમાં ખુશીનો માહોલ ઉભો થયો

અમરેલી, તા. ૨

લાઠી તાલુકાના તાજપર ગામમાં અંદાજિત ૭૦ લાખના ખર્ચે નિર્માણ થનારા સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ વિકાસકાર્ય ધારાસભ્ય જનક તળાવીયાના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ ગામના આંતરિક માર્ગોને સુવિધાયુકત બનાવવાનો છે.



કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ, પંચાયતના સભ્યો અને મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ વિકાસકાર્ય બદલ સાંસદ તેમજ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો. કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### ધારાસભ્ય કસવાલા અને તાલુકા પ્રમુખ કાછડીયાની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલા : પીએમ કિસાન ઉત્સવ અંતર્ગત ખેડુતોને રૂપિયા ૫.૬૨ કરોડની સહાય

### ખેડુતોને વિવિધ યોજનાનાં મંજુરી પત્રક વિતરણ

સાવરકુંડલા, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય કક્ષાના 'પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમ અંતર્ગત વારાણસી, ઉત્તર પ્રદેશ ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૦મા હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭૦ કરોડથી વધુ ખેડૂતોને કુલ ૨૦,૫૦૦ કરોડથી વધુની સહાયનું DBTના માધ્યમથી વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે આયોજિત રાજયકક્ષાના પીએમ કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ દરમિયાન કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થી ખેડૂતોને સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



જે અંતર્ગત આજે સાવરકુંડલા તાલુકાના ૨૮૧૩૭ લાખથી વધુ ખેડૂતોને કુલ ૫.૬૨ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી હતી. તેમજ સાવરકુંડલા તાલુકામાં ખેતીલક્ષી ટ્રેકટર યોજનના ૩૯૩, તેમજ ફાર્મમીકેનાઈજેશન યોજના હેઠળ ૯૧૧ જેવા કેરોટાવેટર, દંતાળ, થ્રેસર, પાવરટીલર જેવા વિવિધ ખેતી લક્ષી સાધનો માટે મળીને કુલ ૧૩૦૪ ખેડૂત લાભાર્થીઓને તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા તેમજ તાલુકાના મહાનુભાવોના હસ્તે પૂર્વ મંજુરી પત્રક વિતરણ કરવામાં આવ્યા. સાવરકુંડલા તાલુકામાં મહત્વપૂર્ણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ અન્ય મહાનુભાવો તેમજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિ ખેડૂતો સાથે સાવરકુંડલા પંચાયત કચેરી ખાતે ખાતેથી નિહાળ્યું હતું.

આ તકે તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જયસુખભાઈ સાવલીયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, ચેરમેન ઘુસાભાઈ વાણીયા, ન્યાય સમિતિ ચેરમેન ઈલાબેન નાકરાણી, તાલુકા પંચાયત સદસ્યપતી મનુભાઈ ડાવરા ઉપસ્થિત રહી તાલુકા કક્ષના પીએમ કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ દરમિયાન કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થી ખેડૂતોને સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# જય ભોજલ રામ : અમરેલીમાં આજે નાગનાથ મંદિરથી ભોજલધામ (ફતેપુર) સુધીની પદયાત્રા

### સમગ્ર લેઉવા પટેલ સમાજને જોડાવવા પ્રમુખ રૈયાણીનો અનુરોધ



અમરેલી, તા. ૨

શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંત ભોજલરામ બાપાનાં સાનિધ્યમાં સર્વ સમાજનાં કલ્યાણ અર્થે પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નાગનાથ મહાદેવ અમરેલીથી ભોજલધામ ફતેપુર સુધીની પદયાત્રાનું આયોજન થનાર છે. આ પદયાત્રામાં લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો, અમરેલી લોહાણા સમાજનાં આગેવાનો જોડાશે અને સમગ્ર પદયાત્રા દરમ્યાન યાત્રાનાં રૂટમાં આવતા દેવસ્થાનો અને મહાપુરૂષોની પ્રતિમાઓ જેવા કે નાગનાથ મહાદેવનાં ચરણોમાં શીશ નમાવી સર્વ સમાજનાં કલ્યાણ માટે પ્રાર્થના કરી ભોજલરામ બાપાની ડેરીએ તેમના આશીર્વાદ લઈને, સંત મૂળદાસ બાપાની પ્રતિમા, ડો. જીવરાજ મહેતાની પ્રતિમા, શહીદ સ્મારક, ભીડભંજન મહાદેવનાં દર્શન કરી, સંત જલારામ બાપાનાં મંદિરે શીશ નમાવી, હીરામોતી ચોક ખાતે નાગેશ્વર મહાદેવને શીશ નામાવીને, સરદાર ચોક ખાતે બજરંગદાસ બાપાનો ઓટો, હીરામોતી ચોક ખાતે દર્શન કરીને આ યાત્રા ઠેર ઠેર સ્વાગત સ્વીકારીને સાંજે સાત વાગ્યે ભોજલધામ ફતેપુર પહોંચશે. ત્યાં ભોજલરામ બાપાનાં મંદિરે ધ્વાજારોહણ કરીને મહાઆરતીનાં દર્શન કરીને ભોજનપ્રસાદ લઈને આ પદયાત્રા સમાપન થશે. આ સમગ્ર પદયાત્રાની તડામાર તૈયારીઓ થઈ ગઈ છે. તો લેઉવા પટેલ સમાજને આ પદયાત્રામાં બહોળી સંખ્યામાં જોડાવા માટે ટ્રસ્ટનાં પ્રમુખ ડી.કે. રૈયાણી અનુરોધ કર્યો છે.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં

# અમરેલી ખાતે ખાસ અંગભુત અમલીકરણની બેઠક મળી

### છેવાડાના વિસ્તારોમાં સુખાકારીની સવલતો મળી રહે તે બાબતે ચર્ચા કરાઈ

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા ખાસ અંગભુત અમલીકરણ સમિતિની બેઠક મળી હતી. જે દરમિયાન છેવાડાના માનવીની સુખાકારીની ચિંતા કરી અને તેમને જરૂરી સવલતો પૂરી પાડવા નક્કર કામગીરી કરવા માટે ઉપસ્થત બિનસરકારી સભ્યોએ રજૂઆત કરી હતી. જેમાં જિલ્લાના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે દરમિયાન અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કરતા પ્રદેશ ભાજપના ડીબેટ પ્રવક્તા શૈલેષ પરમાર, વિરજીભાઈ બોરીચા, કાળુભાઈ પરમાર, જીતુભાઈ બાથવાર, મહેન્દ્રભાઈ ચાવડા સહિતનાઓએ કલેકટરને આવકાર્યા હતા.



### જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિનાં ચેરમેન અશ્વિન કુંજડીયા દુઃખી

# અમરેલી જિલ્લામાં અપુરતી વીજળી અને વરસાદનાં લીધે ખેતીપાકો નિષ્ફળ જવાની દહેશત ઉભી થઇ

### મુખ્યમંત્રીને પત્ર પાઠવીને ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવા માંગ કરી


અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં મોં માગ્યો વરસાદ પડયા બાદ છેલ્લા ૧૫ દિવસથી મેઘાનાં રૂસણા શરૂ થતાં ખેતરોમાં લહેરાતો પાક નિષ્ફળ જવાની દહેશત ઉભી થઈ હોય જિલ્લા પંચાયતનાં આરોગ્ય સમિતિનાં ચેરમેન અશ્વિન કુંજડીયાએ મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રીને પત્ર પાઠવીને ખેડૂતોને ૮ ને બદલે ૧૦ કલાક વીજળી આપવા માંગ કરીછે.



તેઓએ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં કુદરત રૂઠયો હોય ખેડૂતોને ૮ કલાક તો વીજળી મળે છે પણ તે અનિયમિત અને જટકા આપે છે. એટલે ૧ કલાક સુધી વીજળી પુનઃ મળતી ન હોય ઉદ્યોગોમાં વીજકાપ લાદીને ખેડૂતોને ૮ થી વધારીને ૧૦ કલાક વીજળી આપવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

# સાવરકુંડલા : સરકારી હોસ્પિટલની સિધ્ધી : એક જ દિવસમાં સોળ પ્રસુતિ





સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા તાલુકામાં આવેલ કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે ઐતિહાસિક સિધ્ધી મેળવી છે. જેમાં ગાયનેક ડો. હાર્દિક બોરીસાગર અને જનરલ સર્જન ડો.હિમાલી દવે તેમજ એનેસ્થેસ્ટિક ડો.દિનેશ સોલંકી દ્વારા ગર્ભાશયની કોથળીમાથી ૨૦ થી ૨૫ ગાંઠો કાઢવાનું જોખમી ઓપરેશન કરવામાં સફળતા મેળવેલ હતી.

ડો. હાર્દિક બોરીસાગર, ગાયનેકની ઓ.પી.ડી.માં દયાબેન સંગ્રામભાઈ ખોડા મુ.દાઢીયાની તા.ખાંભા જી.અમરેલી નામનું દર્દી બતાવવા આવેલ હતું. જેની ફરિયાદ ખૂબ જ માસિક આવવું અને પેટમાં દુખાવાની ફરિયાદ હતી. જેમાં ડો.હાર્દિક બોરીસાગરે નિદાન કરતાં જણાયું કે લોહીના ટકા ખૂબ જ ઓછા છે અને સોનોગ્રાફીમાં ૨૦ થી ૨૫ ગાંઠો બતાવે છે. દર્દીને સમજાવીને અને લોહીની પૂરતી વ્યવસ્થા સાથે ડો.હાર્દિક બોરીસાગર ગાયનેક અને ડો.હિમાલી દવે સર્જન તેમજ એનેસ્થેસ્ટિક ડો. દિનેશ સોલંકી અને નર્સિંગ સ્ટાફ દ્વારા આ જોખમી ઓપરેશન કરવામાં આવેલ હતું. હાલ દર્દીની કોઈ ફરિયાદ નથી.

આ ઉપરાંત કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ ખાતે ગઈ કાલે એક જ દિવસમાં ૧૬ પ્રસૂતિઓ કરવામાં આવેલ છે. જેમાં ૧૪ નોર્મલ પ્રસૂતિ અને ૨ સીઝરિયન પ્રસૂતિઓ કરેલ છે. જે એક અનોખી સિધ્ધી પ્રાપ્ત કરેલ છે. આ તમામ કામગીરીને અધિક્ષક ડો. ક્રિષ્નાબેન હરિયાણીએ બિરદાવી હતી તેમજ અધિક્ષક દ્વારા માર્ગદર્શન મળતું રહે છે ને દર્દીને સારામાં સારી સુવિધા મળી રહે તેનું પણ આગોતરૂ આયોજન કરેલ છે.

# સા.કુંડલા : શાળાકીય રમતોમાં એસ.વી.દોશી ગર્લ્સ હાઇસ્કૂલના બહેનોની સિદ્ધિ

સાવરકુંડલા, તા. ૨

તારીખ ૩૧-૭-૨૫ ના રોજ કે.કે. હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની શાળાકીય અથલેટિક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ શાળાની વિધાર્થીની બહેનોએ જુદી-જુદી એથલેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું અને પોતાના પરિવારનું નામ રોશન કરેલ છે. જેમાં ૧૫ જેટલી વિધાર્થીની બહેનોએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. જયારે ૯ થી વધારે બહેનોએ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાની તમામ બહેનોને શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયા અને વ્યાયામ શિક્ષિકા દેવીબેન રાઠોડ દ્વારા રમતો વિશે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. વિજેતા તમામ વિધાર્થીની બહેનોને સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જુદી-જુદી સ્પર્ધાઓમાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવનાર વિધાર્થીની બહેનોના નામ આ પ્રમાણે છે.

૧. નિમાવત હરસિધ્ધિ ધર્મેશભાઈ ૩૦૦૦ મીટર દોડ પ્રથમ,
૨. ખુમાણ અપેક્ષા વલકુભાઈ ૧૫૦૦મીટર દોડ પ્રથમ,
૩. ભુરાણી આહના ૪૦૦ મીટર દોડ પ્રથમ
૪. સુસરા ઉર્વશી મુન્નાભાઈ ૩૦૦૦ મીટર પ્રથમ
૫. ગોહિલ માનસી લાલાભાઈ ઉંચીકુદ પ્રથમ
૬. દેલાણીયા હિરલ મગનભાઈ ૩૦૦૦મીટર દોડ પ્રથમ
૭. પાટડીયા રાધિકા ભરતભાઈ ૧૫૦૦ મીટર દોડ પ્રથમ
૮. કાનાણી હેમાંગી રાજેશભાઈ લાંબી કુદ પ્રથમ
૯. ગઢીયા જાનવી રાજુભાઈ લંગડી ફાળ કુદ પ્રથમ
૧૦. રાઠોડ સવિતા કરશનભાઈ ૪૦૦ મીટર વિધ્ન દોડ પ્રથમ
૧૧. જાખરા સાનિયા આરાદી નભાઈ ચક્રફેક પ્રથમ
૧૨. ચૌહાણ તાહેરા મહમદભાઈ ૩૦૦૦ મીટર જલદ ચાલ પ્રથમ
૧૩. ખુમાણ રિદ્ધિ ભાભુભાઈ ૮૦ મીટર વિધ્નદોડ પ્રથમ
૧૪. વેગડા ભૂમિ દીપકભાઈ ઉંચીકુદ પ્રથમ
૧૫. બ્લોચ સીફા યુનુસભાઈ બરછી ફેક પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. એમ રવિભાઈ જોષીની એકયાદીમાં જણાવાયું હતું.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાએ કર્યુ ભૂમિપુજન

# લાઠીનાં કેરાળા ગામે રૂપિયા ૮૪ લાખના ખર્ચે પ્રાથમિક શાળાનું નવુ મકાન બનશે

### જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતનાં સદસ્યો પણ ઉપસ્થિત રહયા



લાઠી, તા. ૨

લાઠી તાલુકાના કેરાળા ગામમાં અંદાજિત રૂ. ૮૪ લાખના ખર્ચે બનનારી નવી પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત તાજેતરમાં કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારી-બગસરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન, બંને મહાનુભાવોએ શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, આ નવી શાળાના મકાનથી વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધા મળશે અને શિક્ષણનું સ્તર ઉંચુ આવશે. સારા ઓરડાઓ સાથે આ શાળામાં પ્રાર્થનાખંડ, આચાર્ય કક્ષ, શિક્ષક કક્ષ, અને રમતગમતના મેદાન સહિતની અનેક સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ નવીન મકાનનું નિર્માણ થવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્ય જીતુભાઈ ડેર, તાલુકા પંચાયતના ચેરમેન હિંમતભાઈ એવીયા, માર્કેટીંગ યાર્ડના ચેરમેન દકુભાઈ પડસાળા, જીલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ ભુતૈયા, લાઠી તાલુકા ભાજપ પ્રમુખ, સરપંચ, પંચાયતના સભ્યો, ગ્રામજનો અને શાળાના શિક્ષકો સહિત મોટીસંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે, મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું અને આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

### સ્વામી શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલનાં લાભાર્થે

# રાજકોટ ખાતે ખેડુત નેતા સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયાની પુણ્યતિથિએ રકતદાન કેમ્પ યોજાયો

### રકતદાતાઓએ ૪૪૧ બોટલનુ રકતદાન કર્યુ

ટીબી, તા. ૨

રાજકીય, સામાજિક, સહકારી અને શૈક્ષણિક ક્ષેત્રે ગુજરાતમાં આગલું સ્થાન ધરાવનાર અને ખેડુત નેતા ગૌ.વા. વિઠ્ઠલભાઈ રાદડિયા રાજકોટની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે સ્વામી શ્રી નિર્દોષાનંજી માનવસેવા હોસ્પિટલ-ટીંબી (જી.ભાવનગર) ના લાભાર્થે બાલાજી મિત્ર મંડળ રાજકોટ આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ગત તારીખ. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ રાજકોટ મુકામે કરવામાં આવયું હતું. જેમાં ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહી રકતદાન અને આયોજકોને પ્રોત્સાહિત કરી આભાર માન્યો હતો. આ મેગા બ્લડ કેમ્પમાં રકતદાતાઓએ ૪૪૧ બોટલ રકતદાન કરી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડયું હતું.



આ રકતદાન કેમ્પના આયોજન માટે આપણી હોસ્પિટલના ટ્રસ્ટી અશોકભાઈ ગીડા એ ખુબજ જહેમત ઉપાડી હતી. હોસ્પિટલનાં વહીવટકર્તા ટ્રસ્ટીઓ બી.એલ.રાજપરા, પરેશભાઈ ડોડીયા, લવજીભાઈ નાકરાણી તેમજ રાજકોટ સ્થિત ચેથનભાઈ રાછડીયા ઉપસ્થિત રહયા હતા.

### ૧ ઓગષ્ટથી ૮ ઓગષ્ટ સુધી ઉમેદવારી કરી શકાશે

# અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘનાં ૧૭ પ્રતિનિધિની ચુંટણી ૨૩ ઓગષ્ટનાં રોજ યોજાશે

### ૨૫ ઓગષ્ટે વાંકિયા ગામે મતગણતરી કરવામાં આવશે

અમરેલી, તા.૨

અમરેલી સબ ડિવિઝનના નાયબ કલેકટર (પ્રાંત) અને ચૂંટણી સત્તાધિકારીએ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના પ્રતિનિધિ તરીકેની ૧૭ બેઠકોની ચૂંટણી જાહેર કરવામાં આવી છે.

સંયોજિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ-૬, સંયોજિત મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ-૩, વ્યકિતગત શેર હોલ્ડર (ડેલીગેટ)માંથી પ્રતિનિધિ-૪, સંયોજિત મહિલા સહકારી મંડળીઓના પ્રતિનિધિ-૨ અને અન્ય સંયોજિત સહકારી મંડળીઓ(ઈતર)ના પ્રતિનિધિ -૨ એમ કુલ-૧૭ બેઠકોની ચૂંટણી થશે.

આ ચૂંટણી માટે ઉમેદવારીપત્રો તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ દરમિયાન બપોરે ૩ કલાક સુધી અમરેલી મામલતદાર કચેરી-(ગ્રામ્ય) ખાતે રજાના દિવસો સિવાય ભરી શકાશે. ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિની તા.૦૮/૦૮/૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. ઉમેદવારીપત્રો ચકાસણી મામલતદાર અમરેલી મામલતદાર કચેરી ગ્રામ્ય ખાતે તા.૧૧/૦૮/૨૦૨૫, સવારે ૧૧ કલાકથી કરવામાં આવશે. માન્ય ઉમેદવારીપત્રોની યાદી તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે અને તા.૧૩/૦૮/૨૦૨૫, બપોરે ૩ વાગ્યા સુધીમાં ઉમેદવારી પરત ખેંચી શકાશે અને હરીફ ઉમેદવારની છેવટની યાદીની તા.૧૪/૦૮/૨૦૨૫ પ્રસિધ્ધ કરવામાં આવશે.

અમરેલી તાલુકાના વાંકિયા ગામ ખાતેની અમર ડેરીના ત્રીજો માળના એડમીન બિલ્ડીગમાં તા.૨૩/૮/૨૦૨૫ના રોજ સવારે ૯ થી બપોરના ૩ ત્રણ કલાક દરમિયાન મતદાન કરી શકાશે.

મતગણતરી તા.૨૫/૮/૨૦૨૫ના સવારે ૯ કલાકેથી અમરેલી મામલતદાર કચેરી ગ્રામ્ય ખાતે કરવામાં આવશે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ અને તેમની અંતર્ગત આવતી નીચે મુજબની કંપનીના કર્મચારી અને તેમના પરિવારને કેશલેસ સારવાર ઉપલબ્ધ
247 Emergency Services
હવે... બદલાશે સારવારની પરિભાષા
GSECL GETCO DGVCL MGVCL PGVCL UGVCL
GUVNL
GUVNL/GEB નાં કર્મચારીને કેશલેસ સારવાર આપતી અમરેલીની એકમાત્ર હોસ્પિટલ
Contant : 9978966629
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯

## ગણેશ સોસાયટી, પોસ્ટલ સોસાયટીનાં નળ કનેકશન, ગટર લાઈનને નુકસાન

# અમરેલીમાં ચિતલ રોડ બનાવવામાં દે ધનાધન કરવામાં આવી

- માર્ગ–મકાન વિભાગ દ્વારા માર્ગનું કામ શરૂ થયું ત્યારથી જ દે ધનાધનની ફરિયાદ ઉભી થઈ રહી છે
- અનેક રહેણાંક મકાનમાં ૧૦થી ૧૫ દિવસથી પીવાનું પાણી પહોંચી શકતું નથી
- જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થતાં વિકાસ કાર્યથી જનતાની પરેશાની વધી
- કઈ એજન્સી કામ કરે છે તેની પણ જાણકારી શહેરીજનોને મળતી નથી



અમરેલી, તા. ૨

અમરેલીનાં ચિતલ રોડની હયાત ફૂટપાથ અને માર્ગને તોડીને આરસીસીઓ નવો માર્ગ બનાવવાની કામગીરી માર્ગ–મકાન વિભાગ ધ્વારા શરૂ કરવામાં આવી ત્યારથી દે ધનાધન કરવામાં આવી રહી છે. માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ સત્તાનાં મદમાં એટલા મશગુલ બન્યા છે કે તેઓને માર્ગનું કામ શરતો અને નિયમોને આધીન થાય છે કે કેમ તે જોવાની તસ્દી લેવી નથી.

દરમિયાનમાં અમરેલી શહેરમાં વોર્ડ નં. ૨ માં સેન્ટર પોઈન્ટથી ચિતલરોડની કામગીરી માર્ગ અને મકાન વિભાગ (રાજય)ના અમલીકરણ હેઠળ પ્રગતિમાં છે. આ કામગીરીમાં માર્ગ અને મકાન વિભાગનાં કોન્ટ્રાકટર તરફથી

અનુસંધાન પાના ૬ ઉપર

### એક હત્યા કેસમાં સાહેદ બન્યા હોય

## સાવરકુંડલાનાં મઢડા ગામનાં યુવકે સતત વિચારોથી કંટાળી આત્મહત્યા કરી

### ઘઉંમાં નાખવાનાં ટીકડા પી લેતા મોત

અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે રહેતા ૩૬ વર્ષિય યુવક અગાઉ ગામમાં બનેલ ખુનના કેસમાં સાહેદ હોય તેથી તેમને સતત વિચારો આવતા હોય અને આવા વિચારોથી કંટાળી જઈ ગતતા. ૩૧ ના રોજ મઢડા ગામે પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી ટિકડા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ધારી ખાતે પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં ચુકાદો જાહેર

## ચલાલાની સગીરાનુ અપહરણ કરી ગર્ભવતી બનાવનાર આરોપીને ૨૦ વર્ષની સજાનો હુકમ

### સરકારી વકીલ તરીકે એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ

અમરેલી, તા. ૨

ચલાલા પો. સ્ટે. માં ગત તા. ૧૮ સપ્ટેમ્બર–૨૦૧૮ ના રોજ ભોગ બનનાર તરૂણી માતાએ પોતાની ૧૫ વર્ષની દીકરીને લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનાર સાથે શરીર સબંધ રાખી ગર્ભ રાખીને એક પુત્રી ને જન્મ આપી દીધાની ફરિયાદ તેજ ગામનાં

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

દુકાન ભાડે આપવાની છે
અમરેલીના ચિતલરોડ ઉપર રોયલ કોમ્પ્લેક્ષમાં અંડરગ્રાઉન્ડ દુકાન
૧૦ ફુટ પહોળાઈ ૨૦ ફુટ લંબાઈની દુકાન ભાડે આપવાની છે
: સંપર્ક :
૯૪૨૬૯ ૩૮૪૪૨

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

LG Life's Good.
LG વોશર ડ્રાયર
વોશિંગ & ડ્રાઇંગ ની નવી શૈલી
Direct Drive | Complete Drying
20% CASHBACK
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377

Sheetal ICE CREAM
Fruit Meets Fun
Taste the Rocking Chill
Sheetal FRUIT ROCKING FUNDAY

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)